MCX
મેટલ અને એનર્જી
વિશ્વાસ સાથે વેપાર

# એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન રૂ.૨,૯૮,૭૩૩ કરોડનું જંગી ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાના ભાવોમાં ઉછાળો: બિનલોહ ધાતુઓ નરમ: ક્રૂડ તેલમાં સેંકડા ઘટ્યા

## કપાસ, રૂ, સીપીઓ અને બટેટા તારકેશ્વર ઢીલા: એલચી, ખાંડ-એમ કોલ્હાપુર અને મેન્થા તેલમાં સુધારો

એમસીએક્સ ખાતે સમીક્ષા હેઠળના (૨૭ જાન્યુઆરીથી ૨ ફેબ્રુઆરી) સપ્તાહ દરમિયાન ૫૫,૧૦,૩૫૪ સોદામાં રૂ.૨,૯૮,૭૩૩.૨૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં ઉછાળો ભાવમાં રહ્યો હતો. તમામ બિનલોહ ધાતુઓ નરમ રહી હતી. એનર્જીમાં ક્રૂડ તેલમાં સેંકડા ઘટ્યા હતા. બ્રેન્ટ ક્રૂડ અને નેચરલ ગેસ પણ ઢીલા હતા. કૃષિ અને અન્ય ચીજોમાં સીપીઓ, બટેટા-તારકેશ્વર, કપાસ અને રૂના વાયદા ઘટવા સામે એલચી, ખાંડ-એમ કોલ્હાપુર અને મેન્થા તેલમાં સુધારો રહ્યો હતો. બટેટા-આગ્રામાં મિશ્ર વધઘટ રહી હતી.

કીમતી ધાતુઓમાં સોનાના વાયદાઓ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૩૯થી રૂ.૮૦૦ની રેન્જમાં ઉછળ્યા હતા. સોનું ફેબ્રુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે રૂ.૨૭,૫૮૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૮,૨૪૪ અને નીચામાં રૂ.૨૭,૫૮૦ના મથાળે અથડાઈ સપ્તાહના અંતે રૂ.૫૬૬ વધી રૂ.૨૮,૧૫૫ બંધ રહ્યો હતો. સોનાનો દૂર ડિલિવરી ઓગસ્ટ વાયદો સૌથી વધુ રૂ.૮૦૦ના ઉછાળા સાથે બંધમાં રૂ.૨૯,૧૫૬ રહ્યો હતો, જ્યારે સોનું-મિની એપ્રિલ વાયદો સૌથી ઓછો રૂ.૫૩૯ વધી રૂ.૨૮,૫૦૪ના ભાવ બંધમાં રહ્યા હતા. ગોલ્ડ-ગિનીના વાયદા ૮ ગ્રામદીઠ રૂ.૩૯૧થી રૂ.૩૯૬ જેટલા વધ્યા હતા. ગિની ફેબ્રુઆરી વાયદો રૂ.૨૨,૨૬૫ ખૂલી સપ્તાહના અંતે રૂ.૩૯૧ વધી રૂ.૨૨,૬૨૩ બંધ રહ્યો હતો. આ વાયદો સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૨૨,૬૭૯ અને નીચામાં રૂ.૨૨,૨૬૫ના સ્તરને સ્પર્શ્યો હતો. ગોલ્ડ-પેટલમાં ૧ ગ્રામદીઠ રૂ.૫૦થી રૂ.૫૧ અને પેટલ-દિલ્હીમાં રૂ.૩૨થી રૂ.૧૩૨નો સુધારો રહ્યો હતો. ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી રૂ.૫૦ વધી રૂ.૨,૮૩૫ અને પેટલ-દિલ્હી રૂ.૩૨ વધી રૂ.૨,૯૧૫ બંધ રહ્યા હતા. સોનાની માફક ચાંદીના વાયદાઓમાં પણ ઉછાળો રહ્યો હતો. જોકે, ચાંદીના વાયદાઓમાં ભાવમાં ઉછાળાની રેન્જ કિલોદીઠ રૂ.૫૯૬થી રૂ.૧,૧૪૩ જેટલી વ્યાપક હતી. ચાંદીનો માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે રૂ.૫૬,૫૭૩ ખૂલી, ઊપરમાં રૂ.૫૭,૪૯૦ અને નીચામાં રૂ.૫૬,૧૧૨ બોલાઈ સપ્તાહના અંતે રૂ.૬૧૨ વધી બંધમાં રૂ.૫૭,૦૨૩ રહ્યો હતો. ચાંદીનો જુલાઈ વાયદો સૌથી વધુ રૂ.૧,૧૪૩ના ઉછાળા સાથે બંધમાં રૂ.૫૯,૪૮૮ રહ્યો હતો. સોનાના વાયદાઓમાં ૯,૮૩,૯૪૧ સોદામાં રૂ.૮૧,૨૨૪.૬૧ કરોડનાં ૨,૮૭,૬૪૪ કિલો અને ચાંદીના વાયદાઓમાં ૧૮,૦૧,૨૦૯ સોદામાં રૂ.૯૧,૨૫૩.૮૪ કરોડનાં ૧૬,૦૨૨.૦૧૯ ટનનાં કામકાજ થયાં હતાં.

બિનલોહ ધાતુઓમાં કિલોદીઠ તાંબાના વાયદા રૂ.૮.૭૦થી રૂ.૧૧.૫૦, નિકલના વાયદા રૂ.૨૦.૩૦થી રૂ.૨૪.૫૦, એલ્યુમિનિયમના વાયદા રૂ.૩.૦૫થી રૂ.૪.૨૫, સીસાના વાયદા રૂ.૭.૩૦થી રૂ.૭.૫૫ અને જસતના વાયદા રૂ.૫.૦૫થી રૂ.૬.૦૫ની રેન્જમાં નરમ રહ્યા હતા. તાંબામાં રૂ.૩૩,૧૧૦.૫૮ કરોડ, નિકલમાં રૂ.૮,૯૫૫.૫૪ કરોડ, એલ્યુમિનિયમમાં રૂ.૨,૫૮૪.૪૯ કરોડ, સીસામાં રૂ.૫,૭૫૫.૭૪ કરોડ અને જસતમાં રૂ.૬,૬૧૦.૪૦ કરોડના વેપાર થયા હતા.

એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાના ભાવોમાં બેરલદીઠ રૂ.૧૯૨થી રૂ.૨૬૫નો ઘટાડો રહ્યો હતો. ક્રૂડ તેલનો ફેબ્રુઆરી વાયદો સૌથી વધુ રૂ.૨૬૫ના ભાવઘટાડા સાથે બંધમાં રૂ.૪,૭૨૭ સપ્તાહના અંતે રહ્યો હતો. ક્રૂડ તેલનો દૂર ડિલિવરી જુલાઈ વાયદો સૌથી ઓછો રૂ.૧૯૨ ઘટી રૂ.૪,૯૪૭ રહ્યો હતો. બ્રેન્ટ ક્રૂડ તેલના વાયદા બેરલદીઠ રૂ.૪૭ અને નેચરલ ગેસના વાયદા એમએમબીટીયૂદીઠ રૂ.૯થી રૂ.૧૩.૪૦ જેટલા નરમ હતા. ક્રૂડ તેલના વાયદાઓમાં ૫,૨૦,૭૧૧ સોદામાં રૂ.૪૩,૮૮૨.૪૯ કરોડનાં ૮,૯૪,૩૮,૪૦૦ બેરલ્સ, બ્રેન્ટ ક્રૂડ તેલમાં ૧,૨૬૫ સોદામાં રૂ.૨૦૭.૩૩ કરોડનાં ૩,૭૪,૨૦૦ બેરલ્સ અને નેચરલ ગેસમાં ૩,૪૯,૫૨૪ સોદામાં રૂ.૯,૨૬૬.૪૧ કરોડનાં ૭૧,૭૮,૭૫,૦૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો.

કૃષિ અને અન્ય ચીજોમાં સીપીઓના વાયદા ૧૦ કિલોદીઠ રૂ.૧૫.૬૦થી રૂ.૧૮.૪૦ જેટલા ઘટ્યા હતા. સીપીઓ ફેબ્રુઆરી વાયદો રૂ.૧૫.૬૦ ઘટી રૂ.૫૧૩.૧૦ બંધ રહ્યો હતો. એલચીના ચારેય વાયદા કિલોદીઠ રૂ.૨૦.૬૦થી રૂ.૪૨.૨૦ અને ખાંડ-એમ કોલ્હાપુરના વાયદા ૧૦૦ કિલોદીઠ રૂ.૫૧થી રૂ.૫૭ જેટલા વધ્યા હતા. એલચી ફેબ્રુઆરી વાયદો રૂ.૨૦.૬૦ વધી રૂ.૬૭૧.૭૦ અને ખાંડ-એમ કોલ્હાપુર ફેબ્રુઆરી વાયદો રૂ.૫૧ વધી રૂ.૨,૮૮૨ બંધ રહ્યા હતા. બટેટા-આગ્રાનો માર્ચ વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧.૨૦ અને એપ્રિલ રૂ.૧.૭૦ વધવા સામે મે વાયદો રૂ.૧.૭૦ ઘટી બંધમાં રૂ.૭૫૪.૮૦ રહ્યો હતો. બટેટા-તારકેશ્વરના ત્રણેય વાયદા ૧૦૦ કિલોદીઠ રૂ.૧.૪૦થી રૂ.૩.૩૦ જેટલા ઢીલા હતા. બટેટા-તારકેશ્વર માર્ચ વાયદો રૂ.૧.૪૦ ઘટી બંધમાં રૂ.૫૮૮.૪૦ રહ્યો હતો. મેન્થા તેલના બંને વાયદા કિલોદીઠ રૂ.૫૫.૫૦થી રૂ.૫૭.૨૦ની રેન્જમાં વધ્યા હતા. મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો રૂ.૫૫.૫૦ વધી રૂ.૧,૫૮૬.૮૦ રહ્યો હતો. કપાસનો માર્ચ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૭૦ અને એપ્રિલ રૂ.૭૩.૪૦ ઘટી અનુક્રમે રૂ.૮૫૧.૪૦ અને રૂ.૮૬૪ બંધ રહ્યા હતા. રૂના ત્રણેય વાયદા ગાંસડીદીઠ રૂ.૪૮૦થી રૂ.૫૯૦ની રેન્જમાં નરમ હતા. રૂનો માર્ચ વાયદો રૂ.૫૯૦ના ભાવઘટાડા સાથે બંધમાં રૂ.૧૭,૭૩૦ રહ્યો હતો. સીપીઓમાં રૂ.૭૮૪.૯૮ કરોડનાં ૧,૫૦,૭૩૦ ટન, રિફાઈન્ડ સોયાતેલમાં રૂ.૨.૨૮ કરોડનાં ૩૩૦ ટન, એલચીમાં રૂ.૪૩૦.૧૮ કરોડનાં ૬,૨૬૩ ટન, ખાંડ-એમ કોલ્હાપુરમાં રૂ.૪૯.૭૦ કરોડનાં ૧૭,૨૬૦ ટન, બટેટા-આગ્રામાં રૂ.૧૧૩.૦૩ કરોડનાં ૧,૫૩,૯૦૦ ટન, બટેટા-તારકેશ્વરમાં રૂ.૧૧.૬૫ કરોડનાં ૧૯,૮૩૦ ટન, મેન્થા તેલમાં રૂ.૩,૪૩૮.૫૬ કરોડનાં ૨૧,૮૩૪ ટન, મકાઈમાં ૧૦ ટન, કપાસમાં રૂ.૩૪૪.૨૨ કરોડનાં ૭૭,૨૮૮ ટન અને રૂના વાયદાઓમાં રૂ.૧૯૧.૮૬ કરોડનાં ૧,૦૬,૭૨૫ ગાંસડીના વેપાર થયા હતા.

એમસીએક્સ કોમડેક્સ સપ્તાહના અંતે ૬૪.૭૯ પોઈન્ટ ઘટી ૩૭૩૬.૧૨ બંધ રહ્યો હતો. વિભાગીય આંકોમાં મેટલ ઈન્ડેક્સ ૭.૯૪ પોઈન્ટ ઘટી ૪૯૩૭.૩૦ અને એનર્જી ઈન્ડેક્સ ૧૬૮.૩૪ પોઈન્ટ ઘટી ૩૧૭૩.૦૪ રહ્યા હતા, જ્યારે એગ્રી ઈન્ડેક્સ ૧૬.૦૭ પોઈન્ટ સુધરી ૩૨૦૭.૭૩ બંધ રહ્યો હતો.

દાવાત્યાગ : આ રિપોર્ટ ફક્ત સામાન્ય જાણકારી આપવાના ઉદ્દેશથી બનાવાયો છે, જોકે એક્સચેન્જે વાસ્તવિક જાણકારી આપવાનો દરેક શક્ય પ્રયાસ કર્યો છે. આ રિપોર્ટ એ શરતે ઉપલબ્ધ છે કે આમાં રહેલી કોઈ ભૂલચૂકને દાવા, માગ કે કાનૂની કાર્યવાહી માટે આધાર બનાવી શકાશે નહી.

**Disclaimer:**
Multi Commodity Exchange of India Limited is proposing, subject to market conditions and other considerations, a public offer of equity shares by way of an offer for sale and has filed a Draft Red Herring Prospectus ("DRHP") with the SEBI. The DRHP is available on the websites of SEBI at www.sebi.gov.in and the book running lead managers at www.edelcap.com, http://www.online.citibank.co.in/rhtm/citigroupglobalscreen1.htm and www.morganstanley.com/indiaofferdocuments. Investors should note that investment in equity shares involves a high degree of risk and for details in relation to risk factors, please see the section titled "Risk Factors" in the DRHP.

This advertisement may not be published or distributed in the U.S., Canada or Japan and is not an offer or solicitation of an offer for sale of securities in the U.S. These securities have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended, and may not be offered or sold in the U.S. absent registration or an exemption from registration under such act.